# દુઆએ ઈફતેતાહ
## નો ભાવાર્થ

અલ્લાહના નામથી (શરૂ કરૂં છું) જે રહમાન અને રહીમ છે

અય માઅબુદ ! તારી પ્રશંસા માઅરફત (તારા વખાણ કરીને) તારા વખાણની શરૂઆત કરૂં છું અને તું તારા એહસાનથી સીધા રસ્તાની હીદાયત કરનાર છો. અને મને પૂરી ખાત્રી છે કે બધા રહેમ કરનારાઓથી તું સઉથી વધારે માફી આપનાર અને મહેરબાની કરનાર છો અને બધા શિક્ષા આપવાવાળાઓથી તું વધારે સખ્ત સજા અને અઝાબ દેનાર છો. અને મોટાઇ તથા બુઝુગી઼ ની જગ્યાપર દરેક પોતાને મોટો અથવા ઉંચો અને શકિતશાળી સમજનારથી તું વધારે મોટો અને તાકતવાન છો .

અય અલ્લાહ ! તેંજ મને રજા આપી છે કે હું તારી પાસે દુઆ માંગું અને તારાથી સવાલ કરૂં. બસ , અય સાંભળનાર ! તારા વખાણ જે હું કરી રહ્યો છું તે તું સાંભળ અને મારો જવાબ આપ , અને અય મહેરબાની કરનાર ! તું મારી દુઆને કબુલ ફરમાવ . અય બક્ષવાવાળા ! તું મારી ભૂલને માફ કરી આપ .

બસ, અય મારા અલ્લાહ ! કેટલી મુસીબતોને તેં દુર કરી આપી , કેટલી આફતોને તેં હટાવી દીધી અને કેટલી મારી ભૂલોને તેં દરગુજર કરી અને કેટલીક એવી રહેમતો છે કે જેને તેં પાથરી આપી અને દુખ તથા બલાઓના ફંદાને તોડી દઇ, તેમાંથી તેં મને છોડાવ્યો.

બધા વખાણ તે અલ્લાહ માટેજ છે કે જેણે ન કોઇ ઔરત - બીબી છે , ન કોઇ ઓલાદ છે , ન તેના રાજ -સલ્તનતમાં તેનો કોઇ ભાગીદાર છે અને તે લાચાર નથી કે જેથી તેને કોઇ સરપરસ્ત - સરદારની જરૂર રહે . તેને મહાન સમજો જેવો કે તેને મહાન સમજવાનો હક છે .

બધા વખાણ ફકત અલ્લાહ વાસ્તેજ છે , તેની તમામ ખુબીઓ અને તેની તમામ નેઅમતો અને બરકતોની સાથે .

બધા વખાણ ફકત અલ્લાહ વાસ્તેજ છે કે જેની હુકુમત - રાજની અંદર તેનો કોઇ વિરોધી - સામાવાળીયો નથી , તેના હુકમોને કોઇ રોકનાર નથી .

બધા વખાણ ફકત તે અલ્લાહ માટેજ છે કે જેની પયદા કરેલી મખલુકમાં તેનો કોઇ બરોબરીયો - જોટો નથી અને તેની મોટાઇ - બુઝુગી઼ માં તેના જેવો કોઇ નથી .

બધા વખાણ તે અલ્લાહ માટે છે કે જેનો હુકમ જગતમાં જાહેર છે , તેના વખાણની સાથે , તેની શાન - મહાનતા અને બક્ષિશો - ઉદારતાની સાથે , માંગ્યા વગર પણ તે એવી રીતે આપે છે કે તેનો હાથ બીલકુલ ખુલ્લો છે , તેના ખજાનાઓમાં કાંઇ ઓછું થતું નથી , અને ઘણુ બધું આપીને તેની બક્ષીશો અને સખાવતમાં બેહદ વધારો થતો રહે છે , કારણકે તે અલ્લાહ બહુજ મોટો દેનાર છે .

અય માઅબુદ ! મારા ઘણા સવાલોમાંથી ફકત થોડાકજ તને પેશ કરૂં છું , જયારે કે તેમાંથી મારી હાજતો બહુ ઘણી છે અને તું હમેશાં તેનાથી બેપરવાહ છો ( તને તેની કોઇ જરૂરત નથી ) , જો કે તે નેઅમતો - બરકતો મારા માટે વધારે છે અને તારા માટે તેનું આપવું બીલકુલ સહેલું છે .

અય અલ્લાહ ! એમાં કોઇ શંકા નથી કે તારા તરફથી મારા ગુનાહોને માફ કરી આપવા , મારી ખામીઓને દરગુજર કરવી , મારાથી થતાં ઝુલ્મો ઉપર તારા આંખમીચામણા , મારા ખરાબ અમલ ઉપર તારા તરફથી પડદો ઢાંકી દેવો , અને સજાને લાયક એવા મારા ઘણા ગુનાહો ઉપર ચાદર ઓઢાડી દેવી , જયારે કે તેમાંથી અમુક ગુનાહો એવાં છે કે જે મેં ભૂલથી કર્યા છે અને અમુક એવાં છે કે જે મારાથી જાણી જોઇને થઇ ગયા છે . હવે એવું છે કે આજ મને લાલચ મળી કે હું તારાથી તે માંગું જેનો હું બીલકુલ હકદાર નથી , છતાં કે તેં મને પોતાની રહેમતથી રોજી આપી , તેં મને તારી કુદરતના કરીશમાઓ - ખુબીઓ અને અજાયબીઓ દેખાડી અને મારો જવાબ આપીને તેં મને પોતાને ઓળખાવ્યો .

બસ , હવે દિલની શાંતિ લઇને , બધી બીક કાઢી નાખીને તને પોકારૂં છું અને તારી પાસે હેત અને પ્યારથી સવાલ કરૂં છું ; ન હું ડરૂં છું , ન હું ગભરાઉં છું ; અને મને ફખ્ર થઇ રહ્યો છે કે આ બારામાં હું તારા દરબારમાં આવ્યો છું .

બસ , અગર કબુલ કરવામાં તેં મોળું કરી નાખ્યું તો મારી નાદાની અને નાસમજ થકી હું તારી પાસે ફરીયાદ કરીશ , કદાચ મારી દુઆ અને હાજત કબુલ કરવામાં મોળું કરવું તારા ઇલ્મના હિસાબે તેમાં મારીજ ભલાઇ સમાએલી હોય .

બસ , તારા સિવાય મેં કોઇ એવો મૌલા અથવા સરદાર જોયો નથી કે જે મારા જેવા હલકા - નાચીજ બંદા ઉપર મહેરબાન અને સબ્ર કરનાર હોય .

અય મારા પાલણહાર ! જયારે તું મને બોલાવે છે ત્યારે હું તારાથી મારૂં મોઢું ફેરવી લઉં છું , તું મારાથી દોસ્તી કરે છે અને હું તારી દુશમની કરૂં છું , તું મારી સાથે મોહબ્બત કરે છે અને હું તારાથી પડખો ફેરવી લઉં છું , જાણે કે મેં તારાપર કોઇ એહસાન કર્યો હોય ! છતાં પણ , મારો એવો ખરાબ અમલ તને મારાપર રહેમ ફરમાવ્વાથી અને મારાપર ફઝલો - એહસાન , બક્ષિશો - બરકતની સાથે , કરવાથી , તને રોકતો નથી .

બસ , તારા આ નાદાન - નાસમજ બંદા ઉપર તારી રહેમત ઉતાર અને તેને તારા ફઝલો - કરમની સખાવત અતા કર ; બેશક , તું બહુજ મોટો આપનાર - મહાન સખી છો .

બધા વખાણ તે અલ્લાહ માટે છે કે જે હુકુમત - સલતનતનો ધણી છે , વહાણો - કશતીઓનો ચલાવનાર , હવાઓને કાબુમાં રાખનાર , સુબ્હને સવારની રોશની આપનાર , કયામતના દિવસે બદલો દેનાર , અને બધી દુનીયાઓનો પાલણહાર છે .

બધા વખાણ અલ્લાહ માટે છે કે જે ઇલ્મ રાખવા છતાં (જાણવા છતાં) , પડદો ઢાંકી આપે છે . અને વખાણ અલ્લાહનાજ કે જે તાકત રાખવા છતાં માફ કરી આપે છે . અને વખાણ અલ્લાહનાજ કે જયારે તે ગુસ્સાની હાલતમાં હોય ત્યારે પણ મોહલત આપે છે - દરગુજર કરે છે , છતાં કે તે જે ચાહે તે કરી શકે છે , તે દરેક વસ્તુ ઉપર , ઇરાદાની સાથે , તાકત રાખે છે .

બધા વખાણ અલ્લાહના વાસ્તેજ કે જે મખ્લુકનો પયદા કરનાર છે , રોજીમાં વધારો કરનાર , સુબ્હની સવારને અંધારામાંથી લાવી પ્રકાશ આપનાર , અને મહાનતા - મોટાઇ - ફઝલો - કરમ અને નેઅમતોનો માલીક છે , જે એવો દૂર છે કે તે જોવામાં આવતો નથી , જે એટલો બાજુમાં - નજદીક છે કે તેનાથી કોઇ વાત છુપી નથી , જે ખૂબ બરકતવાળો અને બહુજ મોટો છે .

બધા વખાણ તે અલ્લાહના માટેજ છે કે જેનો કોઇ હરીફ - સામાવાળીયો નથી કે જે તેનાથી જઘડા કરે , ન તેના જેવો કોઇ છે કે જેની સુરત ખુદાની હોય , ન તેનો કોઇ મદદગાર છે કે જે તેની મદદ કરે . બધા ઇઝઝતદારો કરતાં પોતે ઇઝઝતમાં સઉથી ઉંચો છે અને સર્વે તે લોકો કે જેઓ પોતાને

બહુજ મોટા અને ઉંચા સમજે છે તેઓ અલ્લાહની મોટાઇ અને અઝમતની સામે તેમના પોતાના માથાઓ નમાવી સજદા કરે છે અને તે જે ચાહે તેના ઉપર તાકત - કુદરત રાખે છે .

બધા વખાણ ફકત અલ્લાહ માટેજ છે કે જયારે હું તેને પોકારૂં છું ત્યારે મને તે જવાબ આપે છે , અને મારી ખરાબીઓ - મારા અયબને છુપાવે છે ; હું તેની નાફરમાની કરૂં છું તો પણ મને તે મોટી મોટી નેઅમતો - બરકતો દેતોજ આવે છે , જેનો હું કોઇ પણ જાતનો બદલો તેને વાળતો નથી . બસ , તેણે મારા ઉપર કેટલી ખુશીઓ - બક્ષિશો અને બરકતો ઉતારી છે , કેટલી ભયાનક આફતોથી મને બચાવ્યો છે , કેટલી અજાએબ પમાડનાર - ચીત્ર વિચીત્ર ખુશીઓ મને દેખાડી છે ; બસ , તેનાપર હું અલ્લાહના વખાણ કરૂં છું અને લાગલાગાટ - હમેશાં તેનું નામ લઇ તેનીજ તસ્બીહ કરૂં છું .

બધા વખાણ તે અલ્લાહના કે જેનો પડદો હટાવ્વામાં આવતો નથી , જેનો રહેમતનો દરવાજો કદી બંધ થતો નથી , સવાલ કરનાર કદી ત્યાંથી નિરાશ થઇને નીકળતો નથી , અને તેનો કોઇ ઉમેદવાર ખાલી હાથે જાતો નથી .

બધા વખાણ તે અલ્લાહનાજ કે જે ડરવાવાળાને - બીક રાખનારને પનાહ - આશરો આપે છે , નેકી કરનારને નજાત - છુટકારો અતા કરે છે , જે લોકોને દબાવી દેવામાં આવે છે તેઓને ઉપર લઇ આવે છે અને જે મગરૂર થઇ માથું ઉંચુ કરે છે તેને પછાડે છે , બાદશાહોને બરબાદ કરે છે , અને તેમની જગ્યાપર બીજાઓને બેસાડે છે .

બધા વખાણ તે અલ્લાહ માટે કે જેઓ તોફાન મચાવે છે તેમના જોરને તોડી નાખે છે , ઝાલીમોને બરબાદ કરે છે , ફરીયાદ કરનારાઓની ફરીયાદે પહોંચે છે , અન્યાય - બે ઇનસાફી કરનારાઓને સજા આપે છે , મદદ માંગનારાઓની મદદ કરે છે , હાજતો લઇ આવનારાઓની ઉમેદો પૂરી કરે છે , અને મોઅમીનો માટે તે ભરોસાપાત્ર જગ્યા છે .

બધા વખાણ તે અલ્લાહના કે જેના ખોફ અને બીકથી આસમાન અને આસમાનના રહેવાસીઓ ધ્રુજે છે , ઝમીન અને ઝમીનવાસીઓ કાંપે છે , દરીયાઓ ઉછળે છે અને સાથમાં તેઓ પણ કે જેઓ તેના પાણી ઉપર તરી રહ્યા છે .

બધા વખાણ તે અલ્લાહનેજ લાયક છે કે જેણે અમને સીધા રસ્તાની હીદાયત આપી છે અને અમે કદી હીદાયતને પામી શકતે નહીં અગર અલ્લાહ અમને હીદાયત ફરમાવતે નહીં !

બધા વખાણ ફકત અલ્લાહ માટેજ છે કે જે પયદા કરનાર છે , પયદા થનાર નથી ; જે રોજી આપનાર છે , રોજીનો માહતાજ નથી ; જે ખોરાક ખવડાવે છે પણ પોતે ખાતો નથી ; જે જીવતાઓને મુડદા બનાવે છે અને મુડદાઓને સજીવન કરે છે ; તે એવો જીવતો અને હયાત છે કે તેના માટે કદી મોત નથી ; તેનાજ હાથમાં બધી ભલાઇઓ અને ફાયદાઓ છે અને તે દરેક ચીજ ઉપર શકિતવાન છે .

અય અલ્લાહ ! તારી રહેમત નાઝીલ કર હઝરત મોહમ્મદ સ૦ ઉપર જે તારા બંદા , તારા રસુલ , તારા અમાનતદાર (ભરોસાદાર) , તારા પસંદ કરેલા , તારા બહુજ પ્યારા , તારી મખલુકમાંથી સઉથી બેહતર , તારા છુપા ભેદના હીફાઝત કરનાર , અને તારા પયગામોના પહોંચાડનાર છે ; તેના ઉપર તારી રહેમત કે જે બધાથી બહેતર અને નેક છે , ખુબસુરત અને સંપુર્ણ - કામીલ છે , પૂરા પાક-પાકીઝા અને પ્રગતી પામેલા છે , પવિત્ર - બીલકુલ સાફ - સ્વચ્છ અને નુરાની છે , બધાથી વધારે રહેમત , બરકત , બક્ષિશ , મહેરબાની અને સલામ કે જે તેં તારા બંદાઓમાંથી કોઇ એક ઉપર નાઝીલ કર્યા હોય, તારા પયગમ્બરો , તારા રસુલો , તારા ખાસ ચુંટાએલા અને તારી મખ્લુકમાંથી - બધા માણસોમાંથી જે તારી પાસે વધારે ઇઝઝતદાર હોય !

અય અલ્લાહ ! તારી રહેમત નાઝીલ કર હઝરત અમીરૂલ મોઅમેનીન અલી અ૦ ઉપર , જે બધી દુનીયાઓનો પરવરદિગાર ના રસુલના વસી છે , તારા બંદા , તારા વલી , તારા રસુલના ભાઇ , તારી તમામ મખલુક ઉપર તારી હુજ્જત ,તારી સઉથી મોટી નિશાની અને તારી સઉથી મોટી ખબર છે .

અને તારી રહેમત ઉતાર હઝરત સીધ્દીકએ તાહેરા , ફાતેમા ઝહેરા અ૦ ઉપર , જે તમામ દુનીયાઓની ઓરતોની સરદાર છે .

અને તારી રહેમત મોકલ બધી દુનીયાઓ માટે રહેમત બનીને આવેલા અલ્લાહના રસુલના બન્ને નવાસાઓ ઉપર , હીદાયતના ઇમામો હઝરત હસન અને હુસયન અ૦મુ૦ , જે જન્નતના જવાનોના સરદાર છે .

અને તારી રહેમત નાઝીલ કર મુસલમાનોના ઇમામો ઉપર , હઝરત અલી ઝયનુલ આબેદીન અ૦ , મોહમ્મદે બાકીર અ૦ , જાઅફરે સાદીક અ૦ , મુસા કાઝીમ અ૦ , અલી રઝા અ૦ , મોહમ્મદ તકી અ૦ , અલી નકી અ૦ , હસન અલ અસકરી અ૦ , અને પહેલાઓની યાદગાર , રસ્તો બતાડનાર -હીદાયત કરનાર અને હીદાયત પામેલા , હઝરત મોહમ્મદ અલ મેહદી અ૦ , તેઓ સર્વે તારા બંદાઓ ઉપર તારી હુજ્જતો - તારી દલીલો છે અને તારા શહેરોની અંદર તારા અમીન - તારા ભરોસાદાર છે , રહેમત હોય તેમના ઉપર , ઘણી ઘણી અને હમેશાં હમેશાં .

અય માઅબુદ ! રહેમત મોકલ તારા વલીએ અમ્ર (બારમા ઇમામ અ૦ ઉપર કે જેમણે તારા તરફથી હુકુમત ઇનાયત થઇ છે ) , જે દુનીયામાં કાયમ (ઉભા રહેનાર) છે , તેનાથી અમારી ઉમેદ લાગેલી છે, અને તેના ઇન્સાફના ઝમાનાની અમે રાહ જોઇ રહ્યા છીએ; અને તેમને ચોતરફ તારા માનવંતા ફરીશતાઓથી ઘેરી રાખ , અને રૂહુલ કુદ્દુસ થકી તેમની મદદ કર ,અય બધી દુનીયાઓનો પાલણહાર!

અય માઅબુદ ! તેમને ( ઇમામે ઝમાના અ૦ ને ) તારી કિતાબ - કુરઆન તરફ આમંત્રણ આપનાર બનાવ , અને તારા દીન - ધર્મ ઇસલામ માટે તેમને ઉભા રહેનાર - કાયમ નકકી કર , તેમને ઝમીન ઉપર તારા ખલીફા મુકર્રર કર જેવી રીતે તેમના પહેલાં લોકો જે ગુજરી ગયા છે તેમને તેં ખલીફા બનાવ્યા હતા .

અય માઅબુદ ! તેમને ઇઝઝત આપ અને અમને તેમના થકી ઇઝઝત અતા કર . તેમની મદદ કર અને તેમના થકી અમારી મદદ ફરમવ . અને તારો પસંદીદા ધર્મ , ઇસલામને તેમના માટે મજબુત બનાવ અને તે વખતમાં જે ખોફ અને બીક પયદા થાય તેનાથી તેમને બચાવ અને તેમને દિલમાં શાંતિ - ઇત્મેનાન આપ કે જેથી તેઓ તારી ઇબાદત કરવામાં મશગુલ રહે અને કોઇને તારો શરીક અથવા ભાગીદાર બનાવે નહી .

અય અલ્લાહ ! તેમને (ઇમામે ઝમાના અ૦ને) તું ઇઝઝત બક્ષી આપ અને તેમના થકી મને પણ ઇઝઝત અતા કર . તું તેમની મદદ કર અને તેમના થકી મારી પણ મદદ ફરમાવ . તેમને ઇઝઝતની સાથે મદદ ઇનાયત કર . અને તેમને સહેલાઇથી ફતેહ આપ અને તારા તરફથી તેમને તાકતવાન મદદગાર અતા કર .

અય અલ્લાહ ! તેમના થકી તારા દીન- ધર્મ ઇસલામને અને તારા નબીની સુન્નતને જાહેર કર , ત્યાં સુધી કે હક અને સચ્ચાઇની કોઇ પણ વાત , ઇન્સાનોના ખોફ અને બીક થકી , છુપી- સંતાડેલી રહે નહીં.

અય માઅબુદ ! અમે એવી બરકતવાળી હુકુમત - એવા રહેમતવાળા રાજ ખાતીર શોખ રાખીએ છીએ કે જેનાથી તું ઇસલામ અને મુસલમાનોને તાકત-શકિત આપ , અને નીફાક તથા

મુનાફીકોને બે-ઇઝઝત - ઝલીલ કર , અને આવી હુકુમતની અંદર તારી ફરમાંબરદારી કરવા વાસ્તે અમને આમંત્રણ દેવાવાળા બનાવ અને અમને તારી તરફ તબલીગ આપનાર નક્કી કર , અને અમારા ઇમામ થકી અમને દુનીયા તથા આખેરતમાં ઇઝઝત અતા કર .

અય માઅબુદ ! જે હક અને સચ્ચાઇ , જે દીન - ધર્મની ઓળખાણ - માઅરેફત તેં અમને બક્ષી છે તેને સહન કરવાની - ખમવાની તાકત અમારી અંદર પયદા કર , અને જયાં પહોંચવા માટે અમે લાચાર - લાઇલાજ છીએ ત્યાં અમને સહેલાઇથી પહોંચાડી આપ !

અય માઅબુદ ! તેમના થકી અમે વિખેરાએલા - છુટા પડી ગએલાઓને એકઠા કરી મેળાવી આપ ; તેમના થકી અમારા જઘડાઓને ખત્મ કરી આપ ; અને અમારી પરેશાનીને દૂર કર ; તેમના થકી અમારા ઓછાપણાને વધુ સંખ્યામાં બદલી આપ ; અને અમારી ઝીલ્લત - બેઇઝઝતીને ઇઝઝતમાં ફેરવી આપ ; તેમના થકી અમારી ગરીબીને તવંગરી થકી બદલી આપ; અને અમારા કર્ઝની ભરપાઇ કરી દે ; અને અમારી ગરીબી-ફકીરીને દૂર ફરમાવ ; અને અમારી હાજતો પૂરી કર ; અને અમારી તકલીફોને આસાન કર ; અને અમારા ચહેરાઓને રોશન- નુરાની બનાવ ; અને અમારા કયદીઓને છોડી આપ ; તેમના થકી અમારી હાજતો કબુલ ફરમાવ ; અને અમારા વાયદાઓ નિભાવી આપ ; અને તેમના થકી અમારી દુઆઓ કબુલ કર ; અને અમારા સવાલોને પૂરા ફરમાવ ; અને દુનીયા તથા આખેરતની અમારી ઉમેદોને પૂરી કરી આપ ; અને અમને અમારી મુરાદથી વધુ અતા કર . અય તે કે જેઓ પાસે સવાલ કરવામાં આવે છે તેઓમાં સઉથી વધુ બેહતર! અને અય સઉથી વધુ અતા કરનાર !

તેમના થકી અમારી છાતીઓને શફા અતા કર , અમારા દિલને હસદ-કીનો-વેર-વિરોધથી સાફ કરી આપ , જે દીન - ધર્મ અને હકની અંદર અમારી વચ્ચે મતભેદો છે , તારા હુકમથી તેમના થકી અમને હીદાયત ફરમાવ ; બેશક , તું જેને ચાહે તેને સીધા રસ્તા તરફ લઇ જાય છે ; તેમના થકી તારા અને અમારા દુશમનો ઉપર અમને ફતેહ - જીત આપ; અય હકવાળો - સાચો ખુદા ! એવુંજ બને (આમીન)

અય અલ્લાહ ! અમે તારી પાસે ફરીયાદ કરીએ છીએ કે તેં તારા નબીને ઉઠાવી લીધા , તેમનાપર અને તેમની પાક ઓલાદપર તારી રહેમત હો ! અને તારા વલી (અમારા ઇમામે ઝમાનાને) તેં પડદામાં રાખ્યા છે ; અને અમારી શિકાયત છે અમારા દુશમનોની સંખ્યા બહુ વધારે હોવાથી અને અમારી પોતાની સંખ્યા બહુ ઓછી હોવાથી અને ફીત્ના-ફસાદ ઘણા સખ્ત હોવાથી અને ઝમાનાની હાલત તથા સંજોગો વધુ ખરાબ હોવાથી .

બસ , હઝરત મોહમ્મદ સ૦ અને તેમની પાકીઝા ઓલાદ પર તારી રહેમત નાઝીલ કર , અને તેમને કામીયાબી - ફતેહ આપીને અમારી મદદ ફરમાવ , અને તેમાં જલદી કર જેથી અમારી મુસીબતો દૂર થઇ જાય , અને મદદની સાથે અમને ઇઝઝત અતા કર , અને હક તથા સચ્ચાઇની , દીન-ધર્મ ની તાકત જાહેર ફરમાવ , અને એવી રહેમત ઉતાર કે જે અમારાપર સાયો કરે , અને અમને શાંતિ - અમાન આપ કે જે અમને તારી હીફાઝતમાં રાખે , રહેમત ઉતાર અય બધાથી વધારે રહેમ કરનાર !

ગુજરાતી ભાષાંતર : *મુલ્લા રાજપાર નીસારહુસયન*